

"આજે
અનુપમ મિશન દ્વારા જે કાર્ય થાય છે તે
યોગીબાપાના સંકલ્પ; કાકા, પપ્પા, બા, સ્વામીજીના પ્રેમ-જતન અને
અશ્વિનભાઈ', શાંતિભાઈ', રતિભાઈ', સનંદભાઈ', વી.એસ. જેવા સાથીદારોના
સહયોગને પરિણામે શક્ય બન્યું છે..."

* સંતભગવંત સાહેબજી




**ભક્તિરસનાં** અમૃતપાન કરી અમૃતઉત્સવના બે દિવસ વીતી ગયા તેનું કોઈને જાણપણું પણ ના રહ્યું. જોતજોતામાં મહોત્સવ તેના તૃતીય દિને આવી પહોંચ્યો. ૨૧ માર્ચ ૨૦૧૬ના રોજ હંમેશની જેમ સૌ સવારમાં અલ્પાહારની સાથે ગામડાના કુદરતી સૌંદર્યનો આનંદ માણતા હતા. સેવકો પોતપોતાની સેવામાં જોડાઈ ગયા હતા. માહાત્મ્યદર્શન સભાનો સમય થયો ત્યારે સૌ સવેળા સભા મંડપ-'અમૃત મહોલ'માં બિરાજી ગયા. અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ ભજનોની રમઝટ બોલાવી.

હૈયું આનંદના હિલ્લોળા લેતું હતું ને તેવામાં જ દિવ્ય સુશોભિત રથમાં બિરાજમાન થઈ સંતભગવંત સાહેબજી સભામાં પધાર્યા. ૭૫ સૂટ-બૂટ પરિધાન કરેલ યુવાનો સંતભગવંત સાહેબજીના રથને મંચ પ્રતિ લઈ જઈ રહ્યા હતા. સ્વાગત સંગીતની હેલી સૌના આનંદમાં બમણો વધારો કરી રહી હતી. લગભગ ૫૦ વર્ષ પહેલાં મહેળાવ ગામે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સેવામાં ૫૦ સૂટ-બૂટ ધારણ કરેલ યુવાનોને લઈને આવવાની આજ્ઞા યોગીબાપાએ યુવાન જશુભાઈ સાહેબને કરી હતી અને તેને પાળીને સાહેબજી અને યુવાનોએ યોગીબાપાનો અંતરનો અનેરો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. એ સોનેરી ઇતિહાસને તાજું કરાવતું આજની સ્વાગતયાત્રાનું દર્શન હતું ! સંતભગવંત સાહેબજી અમૃત મહાપર્વ નિમિત્તે ૭૫ યુવાનો આ ભાવનામાં ભળ્યા.

સભાની શરૂઆતે પૂ. શાંતિદાદાએ મનનીય માહાત્મ્યદર્શન પ્રવચન કર્યું. ભગવાન અને તેમના પ્રગટ સાધુના અમૃત માહાત્મ્યના યથાર્થ જ્ઞાનને સંતની પરાવાણીએ સાંભળી સૌનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. ચોટદાર શૈલીમાં, ભાવવાહી સ્વરે પૂ. શાંતિદાદાએ પોતાના ગુરુ યોગીબાપા અને સંતભગવંત સાહેબજીના અપાર મહિમાનું અનુપમ દર્શન કરાવ્યું.

વેમાર અને આસપાસના વિસ્તારમાં અનેક મહિનાઓથી સત્સંગકાર્યો કરી મહોત્સવ અર્થે વિવિધ સેવામાં જેઓ જોડાયા હતા તેવા પૂ. સતીશભાઈએ સંતભગવંત સાહેબજીનાં સામર્થ્ય, સ્થિતિ અને દૃષ્ટિની બળભરી વાતો અનેક અનુભવો અને પ્રસંગોના આધારે વર્ણવી.

આ પ્રસંગે ઉપસ્થિત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રૉ. પરિમલભાઈ વ્યાસનું પણ સન્માન કરવામાં આવ્યું. તેઓએ સંતભગવંત સાહેબજી સાથે થયેલા તેમના દિવ્ય અનુભવોની વાતો જણાવી અને મહિમા ગાયો. અનુપમી ભક્ત સોનલબહેને રચેલાં ભજનો, જેને અમદાવાદની યુવતી યેશાએ સ્વર અને સંગીતબદ્ધ કર્યાં, તે "સાહેબજી શરણમ્" ઑડિયો સી.ડી.નું મુક્તાર્પણ પ્રૉ. પરિમલભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું.




શ્રી ગુણાતીત જ્યોત, વલ્લભવિદ્યાનગરના વરિષ્ઠ સંત બહેન પૂ. જ્યોતિબહેને સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનના વડીલ સંતોના દિવ્ય મહિમાની વાતો કરી ઇતિહાસને વાગોળ્યો. આ દિવ્ય પ્રસંગે પૂ. જ્યોતિબહેન તથા પૂજ્ય સુમનબહેન (હરિધામ-સોખડા)ને સન્માન અર્પણ કરાયાં. પૂજ્ય જ્યોતિબહેનના વરદ હસ્તે ''શાશ્વત પ્રાર્થનામૃત'' જૂનાં-નવાં ૭૫ ભજનોની ઑડિયો સી.ડી.નું મુક્તાર્પણ થયું.

સમગ્ર ઉપાસના ધામ પરિસરની સજ્જા અને સુશોભનનીસેવા જેઓએ સંતભગવંત સાહેબજીને રાજી કરવાના ભાવથી કરી અને ત્રણ મહિના વેમાર ગામમાં જ ધૂણી ધખાવીને રહ્યા તેવા વ્રતધારી સંત પૂ. રમેશભાઈએ અનેરું માહાત્મ્યગાન કરી સૌને મહિમામાં રસતરબોળ કરી દીધા. અનુપમ મિશન, યુ.એસ.એ.ના વાઇસ પ્રેસિડન્ટ ડૉ. જિતુભાઈએ સુંદર મહિમાગાન કરી સૌને પ્રેરણા અર્પી શ્રી ઠાકોરજીના ચરણે ધન્યભાવ ધર્યા.

આ પ્રસંગે ''સંતભગવંત સાહેબજીની છે માહાત્મ્યસભર વાણી સદા-૬'' પુસ્તક અને 'પરામૃત' વિડિયો ડી.વી.ડી.નું લોકાર્પણ અનુક્રમે પૂ. સતીશભાઈ ચતવાણી અને પૂ. દિનકરભાઈનાં વરદ હસ્તે કરવામાં આવ્યું.


સંતભગવંત સાહેબજીએ અનુપમ આશિષ પ્રદાન કરી સૌને ધન્ય કર્યા. આ દિવ્ય સભામાં અનેક સંતો-મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું જે અનુપમ મિશનના સંતોના ભક્તિભર્યા માહાત્મ્યનું દર્શન કરાવે છે.

આખીયે સભા સંતભગવંત સાહેબજીના અનન્ય માહાત્મ્યમાં ભાવ વિભોર બની હતી. પ્રાપ્તિનો કેફ અબાલવૃદ્ધ સૌનાં હૈયામાં છલકાતો હતો. મનોમન સૌ કોઈ પ્રભુએ આપેલ આ અમૃતપ્રસાદ બદલ અંતરના ભાવથી અનેક ધન્યતાઓની લાગણી વહાવી રહ્યા હતા. સૌનાં હૈયા એક જ ગાનું ગાઈ રહ્યા હતાં કે, 'હે પ્રાણ પુરનારા, સાહેબ હે દુલારા... વંદન તને સમર્પણ, જીવન ને મન અમારાં...'



## હળીમળીને એકમના થઈને કાર્યો કરીએ તો પ્રભુ રાજી, રાજી ને રાજી !

~ સંતભગવંત સાહેબજી



પૂ. જ્યોતિબહેન (ગુણાતીત જ્યોત)

સાહેબજી આપણને બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવાનો યોગ આપે, જ્ઞાન અને બળ પૂરાં પાડે. સાહેબજી ચૈતન્યોને શોધે છે અને ચૈતન્યોને બદલવાનું, તેમના અંતરમાં પ્રભુ પધરાવવાનું અનુપમ કાર્ય કરે છે. વેમારમાં પાતાળે પાયા નખાયા છે, જે સાકાર કામ કરશે. અહીં અદ્‌ભુત આત્મીયતાનાં દર્શન થાય છે !



પૂ. શાંતિભાઈ

સાહેબજીને કેવળ આત્માનું દર્શન છે. યોગીબાપાએ તેમને આશીર્વાદ દીધા કે, 'તમ થકી અનંત જીવ બ્રહ્મરૂપ થશે.' સાહેબજીએ સહુમાં પ્રભુ પધરાવ્યા છે, સૌને બ્રહ્મભાવમાં જીવતાં કર્યા છે. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું કાર્ય-ગુરુનું કાર્ય વિના ફરિયાદે વહેતું રાખવું એ તેઓ માટે ભક્તિ છે. આવા દિવ્ય સત્પુરુષ આપણને મળ્યા તો ગાફલાઈ ન રહી જાય. અમારામાં જે દોષ છે તે આપ ટાળશો તે શ્રદ્ધા છે.




પૂ. રમેશભાઈ ઝા

હે સાહેબદાદા ! અમે આપમાં જોડાયા ત્યારથી આપે અમૃતનું પાન કરાવ્યું છે. અમારો આત્મા પ્રગતિ કરતો રહે તે માટે આપે અમને સેવા અને સત્કાર્યોમાં જોડ્યા છે. આ અમૃત મહોત્સવ આપના પ્રતિ અમારી હૃદયની લાગણીઓ વ્યક્ત કરવાનો સમૈયો છે. આ તક આપે અમને આપી તે બદલ આપનો અભાર !



પૂ. સતીશભાઈ

વિરોધ કરનારમાં પણ પ્રભુ જોઈએ તો કાર્ય ભગવાન જ કરાવશે ! આ જ્ઞાન સાહેબજીએ આપ્યું અને તેનો સાક્ષાત્કાર આ સમૈયામાં અમને થયો. ભગવાન સર્વ રીતે કર્તા-હર્તા મનાયા. સાહેબજીની શક્તિ, સ્થિતિ અને અવસ્થાનાં અનુપમ દર્શન અમને થયાં. દેવતાઓ આવીને કામ કરી ગયા અને અમે નિશ્ચિંત રહી શક્યા તેવા અમારા અનુભવ છે !



ડૉ. જિતુભાઈ

સાહેબજી વિશાળ હૃદયના અનુપમ ગુરુ છે. કોઈ સંપ્રદાયના વાડા, કોઈ ધર્મનાં બંધન કે કોઈ વ્યક્તિ પ્રત્યેના અભિપ્રાયમાં અટવાયા નથી, અટવાવા દેતા નથી અને અટવાઈ ગયેલાને બહાર કાઢે છે. કોટિ તપ, વ્રત, દાન આદિ કરીને જેને પામવા હતા તે આજ આપણને પ્રાપ્ત થયા છે.



પ્રો. પરિમલભાઈ વ્યાસ


ઈશ્વરની કૃપા વગર તેમના જ તત્ત્વને ધારક આવા સત્પુરુષનાં દર્શન થઈ શકે નહિ. સાહેબજી તેવા દિવ્ય સ્વરૂપ છે. તેઓ તો ભગવાન સુધી પહોંચવાનું માધ્યમ છે ! સ્વયંને ત્યાગી સૌ માટે જીવવાનું બળ મળે તેવા હે સાહેબજી, આશીર્વાદ દેશો !



દેશ-પરદેશના અસંખ્ય સંતો અને દિવ્ય અક્ષર મુક્તોના હૃદયભાવ ઝીલીને સૌના મનમંદિરમાં પ્રવેશતા મંગલમૂર્તિ સંતભગવંત સાહેબજી



અમૃત દર્શનમ્







બટુકભાઈ અને બિપિનભાઈ દ્વારા ડાયમંડ હાર અર્પણ



ફ્લૉરિડા-યુ.એસ.એ. મંડળના મુક્તો દ્વારા વહેતી હૃદયવંદના અને પ્રાર્થનાઓ



નીકિતા મુથાલેએ તૈયાર કરેલ દિવ્યાકૃતિ અર્પણ



ઑસ્ટ્રેલિયા મંડળના મુક્તો દ્વારા હાર સ્વરૂપી ભક્તિ અર્ઘ્ય અર્પણ



'મનમોહન લાગો છો પ્યારા, અમારી આંખલડીના તારા...'



શ્રીમાન પરિમલભાઈ વ્યાસનાં અભિવાદન



રાજકોટ મંડળનાં બહેનોના ઊર્મિભાવ અર્પણ







શ્રી ઠાકોરજી માટે ગુણાતીત જ્યોતનાં સંત બહેનો દ્વારા ભેટવંદના



પૂ. જ્યોતિબહેનનાં સન્માન-અભિવાદન



ચૈન્નાઈ મંડળના મુક્તો દ્વારા અર્પણ થતી ભાવગંગા



સંતો-મહંતોનાં અભિવાદન



આશીપુરાનાં બહેનોનાં અંતરભાવાર્પણ



દિવ્ય માર્ગદર્શન : પૂ. શાંતિદાદા



ઈંગ્લૅન્ડના મુક્તો દ્વારા અર્પણ થતી ભક્તિવંદના